# ભારતની વિદેશનિતીમાં બિન-જોડાણવાદ અને વિશ્વશાંતિ

મહિપતભાઈ ગોવિંદીયા
ડી.કે.વી. કોલેજ-જામનગર
વિષય-: રાજયશાસ્ત્ર

## ૧. પ્રસ્તાવના

૨૦ મી સદીના આરંભથી જ આંતરરાષ્ટ્રીય સંબંધોના સ્વરૂપમાં વ્યાપક પ્રમાણમાં પરિવર્તનો શરૂ થઇ ગયા હતા. પરિવર્તનની આ પ્રકિયા બીજા વિશ્વયુદ્ધ બાદ વધારે તેજ બની તેના આ રૂપમાં બીજા વિશ્વયુદ્ધની આંતરરાષ્ટ્રીય સબંધોનો ઈતિહાસમાં સર્વાધિક ઘટના માનવામાં આવે છે. બીજું વિશ્વ યુદ્ધ ૧ સપ્ટેમ્બર ૧૯૩૯માં જર્મની દ્વારા પોલેન્ડ પર આક્રમણ કરવાની સાથે શરૂ થયું. તથા ૧૪ ઓગસ્ટ ૧૯૪૮માં જાપાન-આત્મસમર્પણની સાથે પુરૂ થયું. બીજા વિશ્વયુદ્ધની સમાપ્તી સાથે પરંપરાગત આંતર રાષ્ટ્રીય વ્યવસ્થાના નવા યુગમાં પ્રવિષ્ઠ થઇ ગયુ. પરિણામગત જેનો નવા યુગમાં સૂત્રપાત થયો. જેમાં અનેક નૂતન ક્ષિતિજો ઉભરીે, નવીન પ્રભુત્વ ઉભર્યુ, ક્ષેત્રો બદલયાં, નવીન પ્રવૃતિઓ અને સિદ્ધાંતોનો પ્રાદુર્ભાવ (ઉદ્‌ભવ) થયો. તથા આંતરરાષ્ટ્રીય જગતને નવી સમસ્યાઓનો સામનો કરવો પડયો.

## ૨. આંતરરાષ્ટ્રીય સંબંધો

આંતરરાષ્ટ્રીય સંબંધોની અનેક પ્રાચીન અને પરંપરાગત માન્યતાઓ નષ્ટ થઇ ગઇ તેની જૂની વિશ્વ વ્યવસ્થાનું પણ વિઘટન કરી દીધું અંતમાં નવી પ્રણાલીઓ નવી તાકાતો અને નવા રાજયોનો ઉદભવ થયો. જૂની સામ્રાજયવાદી વિશ્વ વ્યવસ્થા પર જોરદાર ચોટ લાગી, સમાજવાદી દેશોનો એક નવા સમુદાયનો ઉદભવ થયો.૧૯૪૭માં ભારત આઝાદ થયું ત્યારે વિશ્વ બે જૂથોમાં વહેંચાયેલું હતું. તથાતે યુગની મુખ્ય નવી શકિતઓ એશિયા અને આફ્રિકામાં નવા રાષ્ટ્રોનો ઉદય થઇ રહયો હતો. ભારતને સ્વતંત્રતા પછી સ્વતંત્રતા તથા એકીકરણને દ્દઢ બનાવવાનું મોટું કાર્ય કરવાનું હતું આવું કાર્ય એટલા માટે આવશ્યક હતું કે દેશના વિભાજનના અનુભવથી વિઘટનકારી પ્રવૃતિઓની ખાસી શકિત પ્રાપ્ત થઇ હતી તથા તેનાથી વધારે દેશને તીવ્ર સામાજિક-આર્થિક વિકાસ, પરિવર્તન. પ્રાપ્ત કરવાનું હતું ‘રજની કોઠારીએ આ પ્રકારના વાતાવરણમાં ચાર અસંબંધિત સમસ્યા બતાવી છે. ‘‘શીતયુદ્ધની રાજનીતિબ્રિટીશકાળથી પ્રાપ્ત વિકૃત પરંપરાવિવાદપ્રદ કાશ્મીર સમસ્યા દેશનું આર્થિક નિયોજન’’

આવી પરિસ્થિમાં ભારતના રાષ્ટ્રીયહીતોના અતિરેક રાજયની ભૌગોલિક અખંડતા (કોઇપણ દેશની વિદેશનીતિનું પ્રથમ લક્ષ્ય હોય છે.) ની સાથે ભારતની સમક્ષ અન્ય લક્ષ્ય હતા. નીતિની સ્વતત્રતાની સ્થાપના, આંતરરાષ્ટ્રીય શકિતમાં વૃદ્ધિ ઉપ-નિવેશવાદ તથા પરતંત્ર ક્ષેત્રોની સ્વતંત્રતા, જાતીય સમાનતાને પ્રોત્સાહન,ભારતનો આર્થિક વિકાસ તથા વિદેશમાં ભારતીય મૂળના લોકોની હિતોની રક્ષા કરવાની હતી.

### ૩. ભારતની વિદેશનીતિ અને બિન-જોડાણવાદ

વિદેશનીતિમાં નીતિ-નિર્માણની સ્વતંત્રતા બધા રાજયો માટે એક મોટું લક્ષ્ય હોય છે. તેમાં બે કારણોનું વિશેષ વિવરણ આવશ્યક છે. સદીઓથી પણ વધારે સમય સુધી ભારતે પરતંત્ર દેશ રહીને સ્વતંત્રતા પ્રાપ્ત કરી હતી. અને આ સ્વાભાવિક હતું કે એક નવું રાષ્ટ્ર બીજા અમીર કે વધારે શકિતશાળી રાષ્ટનાહસ્તક્ષેપથી બચવા હેતુસર પોતાની નીતિ-નિર્માણોની સ્વતંત્રતા અખંડ બનવાની ઈચ્છા વ્યકત કરશે ૧૯૪૦ના દસકામાં અંતિમ વર્ષો માં જયારે ભારતની વિદેશનીતિ બનાવી રહયા હતા. ત્યારે સામ્યવાદી જૂથ અને પશ્ચિમમાં લોકશાહી રાજયોમાં શીતયુદ્ધના કારણે રાજયોમાં એક અથવા બીજા જૂથમાં સમાયેલા રાજયોની નીતિની સ્વતંત્રતાને ખતરો થઇ શકતો હતો. પોતાનું હિત તથા તત્કાલીન પરિસ્થિતિઆને ધ્યાનમાં રાખીને ભારતે પોતાની વિદેશનીતિ ધ્યેયોની પ્રાપ્તિ કરવા માટે ત્રણ સાધનોનો સહારો લીધો. બિન-જોડાણવાદ, શાંતિસ્વભાવ. બધા દેશો સાથે મિત્રતા-ભારતને પૂર્વ અને પશ્ચિમી બંને સતાઓની મિત્રતાની જરૂર હતી. બહારથી થતા કોઈપણ પ્રકારનો હસ્તક્ષેપ ભારત પસંદ કરતો ન હતો. મોટી-મોટી સતાઓને પોતાની ક્ષેત્રથી બહાર રાખવાથી ભારત પોતાની ક્ષેત્રથી બહાર રાખવાની ભારત પોતાની રાજકીય સ્વાયતા તથા રાષ્ટ્રીય પુનઃ નિર્માણના કાર્યને સુચારૂ રૂપથી સ્થાપિત રાખી શકતો હતો. આવા દૃષ્ટિકોણને અનુરૂપ નહેરૂ એ વિશ્વને સમૃદ્ધ રાષ્ટોની ભારતને આર્થિક વિકાસ માટે તેનું સમર્થન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કર્યો હતો . નવા ઉભરાતા રાષ્ટ્રોની સાથે મિત્રતા બનાવી હતી તથા તેને માટે સંસારની પરિષદોમાં અવાજ ઉઠાવ્યો હતો. ‘‘કરોડો લોકો કહેવાતી પાશ્વાત્ય મૂડીવાદની નીતિમાં માને છે. અને એટલા જ લોકો સામ્યવાદી નીતિમાં માને છે. પરંતુ કેટલાય લોકો આ બંને વિચારસરણીથી અલગ આદર્શો ધરાવે છે. છતાં પણ તેઓ બીજી સાથે મિત્રતા બાંધવા તત્પર છે. તેઓ સારા જીવનની ઝંખના રાખે છે અને ઉજ્જવળ ભાવિ તરફ મીટ માંડે છે.’’ આ શબ્દોમાં નેહરૂએ પોતાના જ વિચારોનું નિર્દેશન કર્યુ અમે નથી પરંતુ સ્વતંત્ર એશિયા તેમજ આફ્રિકાખંડની આંતર-ઈચ્છા અંગેના વલણનું નિર્દેશન કર્યુ છે. આ શબ્દોમાંથી બિનજોડાણ નીતીનો જન્મ થયો. અને વિદેશનીતિના શિલ્પી શ્રી નહેરૂએ ગાંધીવાદી આચારવિધી’ને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં સ્થાન આપ્યું અને બિન-જોડાણવાદના ખ્યાલનો સ્વીકાર એશિયા આફ્રિકાના નવોદિત રાષ્ટ્રોએ કર્યો. તેમાં યુગોસ્લાવીયાના પ્રમુખ માર્શલ ટીટો, ઈજિપ્તના કર્નલ નારસ, ઇન્ડોનેશિયાના પ્રમુખ સુકર્ણો વગેરે નેતાઓને ટેકો મળ્યો. એશિયા આફ્રિકાના નવોદિત દેશોને બિનજોડણની નીતિમાં પોતાની આકાંક્ષાઓનો પડઘો પડતો દેખાયો આ રાષ્ટ્રો સમજતા હતા કે જો તેમણે વિકાસ સાધવો હશે તો શાંતિની જરૂર પડશે. એકધારી શાંતિ એ વિકાસ માટેની અનિવાર્ય શરત છે.

### ૪. બિન-જોડાણવાદનો ખ્યાલ

આમ, નવોદિત રાષ્ટ્રોએ શાંતિ માટે પ્રયત્ન કરવો એ તેમના જ હિતમાં હતું આ બધા કારણોસર બિન-જોડાણવાદનો ખ્યાલ નવોદિત રાષ્ટ્રોને આકર્ષી ગયો. બિનજોડણના ખ્યાલની જરૂરિયાત પારખવાનું તથા તેને સભાનપણે વિકસાવવાનું કાર્ય ભારતે કર્યુ હતું. સદભાગ્યે તે વખતે પંડિત જવાહરલાલ નેહરૂ

જેવા નેતા સુકાનીપદે હતા. ગાંધીજી જેવી મહાન વિભૂતિનો વારસો તેમને સાંપડયો હતો. બીજા વિશ્વયુદ્ધ પછીના વિશ્વ રાજકારણનું સ્વરૂપ સમજાવવામાં તથા તેના સંદર્ભમાં નવોદિત રાષ્ટો એ કેવી નીતિ અપનાવી જોઈએ તેની વિભાવના વિકસાવવામાં જવાહરલાલ નહેરૂને અગ્રભાગ ભજવ્યો હતો. આ બિન-જોડાણવાદી નીતિના તેઓ વિશ્વકર્મા બન્યા.

ભારતની વિદેશીનીતિ હંમેશા વિશ્વશાંતિ ની સમર્થક જ રહી છે. ભારતે શરૂઆતથી જ અનુભવ કર્યો છે કે યુદ્ધ અને સંઘર્ષ નવોદિત ભારતને આર્થિક અને રાજકીય વિકાસમાં ખંડિત કરવાવાળા છે. આંતરરાષ્ટ્રીય ગતિરોધને દૂર કરવા તથા બીજી તરફ વિશ્વશાંતિનો માર્ગ પ્રસ્થાપિત કરવાના ઉદેશ્યથી ભારતે બિન-જોડણવાદની નીતિના સ્વીકાર કર્યો હતો. બિન-જોડાણવાદ કેવી રીતે વિશ્વશાંતિ લાવશે તે સંબંધી જવાહરલાલજીએ બંધારણ સંભામાં એક વખત કહેલું કે ‘‘કેટલાક લોકો યુદ્ધની અનિવાર્યતામાં માને છે. તે ખૂબ ભયંકર છે વિશ્વયુદ્ધ એટલે શું ? તેનો ખ્યાલ આવે ત્યારે જે તેની ભયંકરતા બધાને સમજાશે. યુદ્ધમાં કોણ જીતે છે એ મહત્ત્વનું નથી કારણ કે યુદ્ધને અંતે ખાના-ખરાબી સર્જાશે જેને કારણે માનવજાતની પ્રગતિ અને વિકાસ આગામી પેઢીઓ સુધી રૂંધાઇ જશે. આ એક અકલ્પ્ય ઘટના હશે. આમાંથી બચવા ભરતને કંઇક કરવું જ રહયું. જો ભારત કોઈની પણ સાથે જોડાવાનું હોય તો તે શાંતિ માટેના પરિબળો સાથે જોડાણવાનું હશે. આમ ભારત પોતાની વિદેશીનીતિમાં બિન-જોડાણવાદનો સ્વીકાર કર્યો અને તે ખ્યાલ આજ સુધી બિનજોડણ-આંદોલન તરીકે જોવા મળે છે.

**સંદર્ભસૂચિ**

૧. પટેલ, મંગુભાઇ આંતરરાષ્ટ્રીય સંબંધો ભાગ-૨ ગુ.યુનિ.બોર્ડ, અમદાવાદ.
૨. ફડીયા, બી.એલ.આતરરાષ્ટ્રીય સંબધ કે સિધ્ધાંત
૩. પંડયા, હસમુખ વિશ્વરાજકારણ
૪. શુકલા, જી.બી. ભારતની વિદેશનીતિ (ધો.૧૨)
૫. શાહ, બી.સી. ભારતની વિદેશનીતિ
૬. રાણા, એ.પી. બિનજોડણનાં આજ્ઞાર્થો